**માહિતી (મેળવવાના) અધિકારના કાયદા / નિયમ હેઠળ અરજી ફી તથા અન્ય ચાર્જીસની થયેલ આવક અંગેનું બજેટ સદર બાબત.**

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક: વહસ-૨૦૦૫-૪૫૦-આર.ટી.આઈ. સેલ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૦૫-૦૧-૨૦૦૬

__વંચાણે લીધા:__

૧. વિભાગનો સરખા ક્રમાંકનો પરિપત્ર, તા.૨૦-૧૦-૨૦૦૫.
૨. નાણા વિભાગનો પત્ર ક્રમાંક: ઓએનએસ-૧૦૨૦૦૫-૫૧૬૧-(૧૩૦)-ક, તા. ૦૮ - ૧૨-૨૦૦૫.
૩. એકાઉન્ટન્ટ જનરલશ્રી (એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટલમેન્ટ), રાજકોટના તા.૩૦-૧૧-૨૦૦૫ના પત્રાંક: ટીએમ/પ્રપોઝલ/ઓએનએસ/૦૦૭૦/ઓડબલ્યુ-૪૨૮.

પરિપત્ર :

માહિતી (મેળવવાના) અધિકારના કાયદા / નિયમ હેઠળ માહિતી મેળવવા માગતી વ્યક્તિએ ઠરાવેલી ફી સાથે અરજી કરવાની રહે છે. આવી અરજી મળ્યેથી સંબંધિત જાહેર માહિતી અધિકારીએ માગેલ માહિતી / દસ્તાવેજો પુરા પાડવાના અને તે માટેના નક્કી કરેલા ચાર્જીસ વસુલ કરવાના રહે છે.

૨. ઉપરની હકીકતે આ અંગેની ફી તેમજ અન્ય ચાર્જીસની જે આવક થાય તે કયા નવા બજેટ સદરે જમા કરાવવી તે બાબત એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટના પરામર્શમાં વિચારણા હેઠળ હતી. તે દરમિયાન આમુખ-(૧)માં દર્શાવેલ તા.૨૦-૧૦-૨૦૦૫ના પરિપત્રથી કામચલાઉ બજેટ સદર આ હેતુ માટે નક્કી કરવામાં આવેલ હતું.

૩. આમુખ-(૨)માં દર્શાવેલ નાણા વિભાગના તા.૦૮-૧૨-૨૦૦૫ના પત્રમાં જણાવ્યા મુજબ આ હેતુ માટેના બજેટ સદરની એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ તરફથી આમુખ-૩માં દર્શાવેલ તા.૩૦-૧૧-૨૦૦૫ના પત્રથી મંજૂરી મળી ગયેલ હોઈ, આ કાયદા / નિયમો નીચે અરજી ફી, નકલ ફી તથા અન્ય ચાર્જીસની જે આવક થાય તે નીચે મુજબના બજેટ સદરે જમા કરવા / કરાવવા આથી જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| Demand No | : | - |
| Major Head | : | 0070-Other Administrative Services |
| Sub-Major Head | : | 60-Other Services |
| Minor Head | : | 800-Other Receipt |
| Sub-Head | : | (17) Fees & Other Charges under the Right to Information Act / Rules |

| | | |
|---|---|---|
| માગણી નંબર | : | - |
| મુખ્ય સદર | : | ૦૦૭૦-અન્ય વહીવટી સેવાઓ |
| પેટા મુખ્ય સદર | : | ૬૦-અન્ય સેવાઓ |
| ગૌણ સદર | : | ૮૦૦-અન્ય આવકો |
| પેટા સદર | : | (૧૭)-માહિતી મેળવવાના અધિકારનો કાયદો / નિયમો નીચે ફી તથા અન્ય ચાર્જીસની આવક. |

બાકી છે, પુરેપુરી ખર્ચ ન થવાના કારણો સાથેનો અહેવાલ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને મોકલવાનો રહેશે.

૬. આ સદર હેઠળના ખર્ચનું મેળવણું એકાઉન્ટન્ટ જનરલની કચેરી સાથે કરીને નાણા વિભાગને નિયત ફોર્મમાં અહેવાલ મોકલવાનો રહેશે.

૭. આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલા બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માગણી ક્રમાંક | : | ૮૯ |
| મુખ્ય સદર | : | ૨૦૫૨, સચિવાલય સામાન્ય સેવાઓ |
| ગૌણ સદર | : | ૯૦ સચિવાલય |
| પેટા સદર | : | (૨) માહિતી પ્રૌદ્યોગિકી માટે નાણાંની ફાળવણી (આયોજન – મતપાત્ર) |

૮. આ હુકમ સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા સલાહકારશ્રીની તા.૦૨–૦૧– ૨૦૦૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.એમ.ઠક્કર)
સેકશન અધિકારી
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,
એકાઉન્ટન્ટ જનરલશ્રી (એકાઉન્ટસ એન્ડ એન્ટાઈટલમેન્ટ), રાજકોટ
એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ), અમદાવાદ.
જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
નિવાસી અન્વેષક અધિકારીશ્રી, ગાંધીનગર.
નાણા સલાહકારશ્રી,સા.વ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
ઉપસચિવશ્રી (રોકડ), વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગ, રોકડ–૧ શાખા (વધારાની એક નકલ સાથે)
સામાન્ય વહીવટ વિભાગ, લ–શાખા, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, રાજય માહિતી આયોગ, અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો કચેરી, પ્રથમ માળ, સેકટર–૧૮, ગાંધીનગર.
ના.સે.અધિકારી સિલેકટ ફાઈલ
શાખા સિલેકટ ફાઈલ